# Meeting of Council of Foreign Ministers of SCO, Moscow (September 9-10, 2020)

September 08, 2020

## SCO નાં વિદેશ મંત્રીઓની પરિષદની બેઠક, મોસ્કો (9-10 સપ્ટેમ્બર, 2020)

સપ્ટેમ્બર 08, 2020

વિદેશ મંત્રી ડૉ. સુબ્રમણ્યમ જયશંકર 9-10 સપ્ટેમ્બર, 2020 નાં રોજ મોસ્કોમાં યોજાનાર શાંઘાઇ કોઓપરેશન ઓર્ગેનાઇઝેશનની વિદેશ મંત્રીઓની પરિષદ (CFM) ની બેઠકમાં હાજરી આપશે.

આ ત્રીજી એવી CFM બેઠક હશે જેમાં ભારત SCO નાં સંપૂર્ણ સભ્ય તરીકે હાજરી આપશે. અગાઉની બે બેઠકો અનુક્રમે બેઇજીંગ (ચીન) માં 23-24 એપ્રિલ 2018 નાં રોજ અને બિશ્કેક (કિર્ગિઝ ગણરાજ્ય) માં 21-22 મે, 2019 નાં રોજ યોજવામાં આવી હતી. આ વર્ષમાં રશિયન ફેડરેશનની અધ્યક્ષતા અંતર્ગત વિવિધ SCO સંવાદ યંત્રણાઓમાં ભારત સક્રિય રીતે ભાગ લઇ રહ્યો છે. નજીકનાં ભવિષ્યમાં SCO શિખર સંમેલન યોજવામાં આવશે.

મોસ્કોમાં CFM બેઠક આવનારા SCO શિખર સંમેલન માટેની પૂર્વતૈયારીઓની સમીક્ષા કરશે અને આંતરરાષ્ટ્રિય અને પ્રાંતિય મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન કરશે.

વિદેશ મંત્રીની મોસ્કોમાં મુલાકાતમાં SCO વિદેશ મંત્રીઓની પરિષદમાં અને અન્ય દ્વિપક્ષીય બેઠકોમાં ભાગ લેવાનો સમાવેશ કરશે.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 08, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.